
# સ્ટારડમ એક ભ્રમ છે,... આજે છે કાલે નથી

# જીતેન્દ્ર કુમાર



શો-બાજ

તેણે ક્યારેય ગ્લેમર કે સસ્તી પબ્લિસિટી પાછળ દોટ નથી મૂકી, છતાં સ્ટારડમે તેને શોધી જ લીધો. જીતેન્દ્ર કુમાર એવા એક્ટર્સમાંથી છે જે રૂમમાં એન્ટર થઈને બહુ દેખાડો નથી કરતા અને તેને એવું બનવું પણ નથી, પણ આજે એ દેશના સૌથી લોકપ્રિય અને ભરોસાપાત્ર સ્ટોરીટેલર તરીકે ઉભરી આવ્યો છે. તેની સાદગી અને દિલને સ્પર્શી જાય તેવા પાત્રો સીધા પ્રેક્ષકોના દિલ પર રાજ કરે છે. કોટા ફેક્ટરીના કૂલ 'જીતુ ભૈયા'થી લઈને પંચાયતના ઈમોશનલ 'સચિવજી' (અભિષેક ત્રિપાઠી) સુધી, જીતેન્દ્રના દરેક કેરેક્ટરે આજના યુવાનો સાથે પર્ફેક્ટ બોન્ડિંગ બનાવ્યું છે.

જીતેન્દ્રએ તેની સુપરહિટ ક્રાઈમ થ્રિલર ફિલ્મ 'ભાગવત ચેપ્ટર 1: રાક્ષસ'ના ખતરનાક રોલ, સપ્ટેમ્બરમાં ધમાકો કરવા આવી રહેલી 'મિર્ઝાપુરઃ ધ મૂવી', પર્સનલ લાઈફનો રોમાંસ અને આટલી ફેમ પછી પણ તેને કેમ ઘરના દાળ-ભાત અને શાંતિની ઊંઘ સૌથી વધુ ગમે છે તે વિશે દિલ ખોલીને વાત કરી.

## પંચાયતના સીધા-સાદા સચિવજીમાંથી સીધા સાયકો કિલર?

(મોટેથી હસતા) સાચું કહું તો, જ્યારે ફિલ્મ 'ભાગવત ચેપ્ટર 1: રાક્ષસ'નો રોલ મારી પાસે આવ્યો ત્યારે મને પણ થોડો ડર લાગ્યો હતો. લોકોએ મને હંમેશાં પોઝિટિવ, ગાઈડન્સ આપતા રોલમાં જોયો છે, પણ અર્શદ વારસી સાથે આ સાયકોલોજીકલ બેટલ રમવાની બહુ મજા આવી. એક એવો માણસ જે છોકરીઓને પોતાની જાળમાં ફસાવે છે, તેનો સાયકોલોજીકલ ગ્રાફ સમજવો બહુ અઘરો હતો. શૂટિંગ દરમિયાન ક્યારેક અરીસામાં પોતાને જોઈને મને જ એવું લાગતું કે 'ભાઈ, આ તું નથી!' પણ ઓડિયન્સ તરફથી જે રિસ્પોન્સ મળ્યો, એ જોઈને લાગ્યું કે મારું રાક્ષસ બનવું વસૂલ થઈ ગયું!

## મિર્ઝાપુરની આ ખતરનાક દુનિયામાં સચિવજી શું કરવા જઈ રહ્યો છે?

(આંખ મારતા) મિર્ઝાપુરનું નામ સાંભળતા જ રૂંવાડા ઊભા થઈ જાય, ખરું ને? જ્યારે ફેન્સે વેબ સીઝનમાં મારો નાનો કેમિયો જોયો ત્યારે જ ક્રેઝ વધી ગયો હતો. હવે આખી વાર્તા મોટા પડદા પર લાર્જર ધેન લાઈફ આવી રહી છે. હું એટલું જ કહીશ કે મિર્ઝાપુરની ગાદીની લડાઈમાં આ વખતે કંઈક એવું થવાનું છે જેની કોઈએ કલ્પના પણ નહીં કરી હોય. મારું કેરેક્ટર આ મૂવીમાં આખી ગેમ ચેન્જ કરી નાખશે. 4 સપ્ટેમ્બરના દિવસે થિયેટરોમાં સીટીઓ વાગવાની છે, એની ગેરંટી હું આપું છું!

## 'મિર્ઝાપુર' સિવાય આગળ બીજું શું નવું આવી રહ્યું છે?

હા, કામ બહુ સરસ ચાલી રહ્યું છે. હાલમાં તો 'પંચાયત સીઝન 5' ના શૂટિંગ અને તેની તૈયારીઓમાં આખો દિવસ જાય છે. સચિવજી ફુલેરા ગામમાં આગળ શું ધમાલ કરશે તે જોવાની મજા આવશે. આ સિવાય, ZEE5 પર મારી એક નવી સાયકોલોજીકલ થ્રિલર ફિલ્મ 'દાલિમ્બ' પણ અનાઉન્સ થઈ છે. તેમાં મારો લુક folk-style કલર્સવાળો સાવ અજાણ્યો છે, જે મેં પોતે પણ ક્યારેય ટ્રાય નથી કર્યો. સાથે જ, 'ટેઢી હૈ પર મેરી હૈ' ફિલ્મ પણ પાઈપલાઈનમાં છે.

## ક્યારેય એવું લાગ્યું કે એન્જિનિયરિંગ છોડીને ખોટા રસ્તે આવી ગયા છો?

શરૂઆતમાં જ્યારે મુંબઈ આવ્યો ત્યારે નર્વસનેસ પકડી રાખતી. એક મિડલ ક્લાસ છોકરો જે એન્જિનિયરિંગ ભણ્યો હોય, તેના માટે બોલિવૂડ અને એક્ટિંગની દુનિયા સાવ અલગ ગ્રહ જેવી હતી. શરૂઆતના દિવસોમાં રિજેક્શન મળતા ત્યારે રાત્રે સૂતી વખતે થતું કે 'જીતુ, ભાઈ તેં બહુ મોટી ભૂલ કરી દીધી છે, પાછો ભાગ!' પણ જ્યારે TVF ના વીડિયોઝ હિટ થવા લાગ્યા અને લોકો ઓળખવા લાગ્યા, ત્યારે કોન્ફિડન્સ આવ્યો કે હું પ્રોપર જગ્યાએ છું. મારી એ મિડલ ક્લાસ સ્ટ્રગલ જ મને આજે પણ ગ્રાઉન્ડેડ રાખે છે.

## આટલી બધી સક્સેસ પછી પણ ડાઉન-ટુ-અર્થ કેવી રીતે રહી શકે છે?

મારા મતે, સ્ટારડમ એક ભ્રમ જેવું છે - આજે છે ને કાલે નથી. મને ક્યારેય બહુ શો-ઓફ કે લાઈમલાઈટનો શોખ નથી રહ્યો. આજે પણ શૂટિંગ પતાવીને જ્યારે ઘરે જાઉં ત્યારે માટીના વાસણમાં બનેલી રસોઈ અને સાદા દાળ-ભાત જ મારો કમ્ફર્ટ ફૂડ છે.

તમે ગમે તેટલી મોટી ફાઈવ-સ્ટાર હોટેલમાં જઈને મોંઘું ખાણું ખાઓ, પણ જે સંતોષ અને શાંતિ ઘરના ખાવામાં અને 8 કલાકની ઊંઘમાં મળે છે, એ બીજે ક્યાંય નથી. તમે રિયલ લાઈફમાં નોર્મલ રહો તો જ કેમેરા સામે તમારા કેરેક્ટર્સ રિયલ લાગે.

## ફેન્સ હંમેશાં પૂછે છે કે જીતુ ભૈયા ક્યારે લગ્ન કરવાના છે?

(એકદમ શરમાતા અને હસતા હસતા) અરે યાર, સોશિયલ મીડિયા પર આ સવાલ મારો પીછો જ નથી છોડતો! ઈન્સ્ટાગ્રામ પર કઈ પણ પોસ્ટ કરું, નીચે કોમેન્ટ હોય જ કે 'લગ્ન ક્યારે કરો છો?' જુઓ, હું મારી પર્સનલ લાઈફને બને એટલી પ્રાઈવેટ રાખવાનું પ્રિફર કરું છું. હા, કેમેરાની પાછળ એક સુંદર અને શાંત વાસ્તવિક લાઈફનો રોમાંસ ચાલી રહ્યો છે, પણ હું ઈચ્છું છું કે જ્યારે સાચો સમય આવશે ત્યારે બધું જાતે જ દુનિયા સામે આવી જશે. અત્યારે તો પંચાયત અને મિર્ઝાપુરની ગાદી સાચવવામાં જ મારો બધો સમય જાય છે!

> **લોકોએ મને હંમેશાં પોઝિટિવ, ગાઈડન્સ આપતા રોલમાં જોયો છે, પણ અર્શદ વારસી સાથે આ સાયકોલોજીકલ બેટલ રમવાની બહુ મજા આવી**

## જીતુ ભૈયા કે અભિષેક ત્રિપાઠી આ બેમાંથી દિલની સૌથી વધુ નજીક કયું પાત્ર છે?

આ તો બહુ જ અઘરો અને ટ્રીકી સવાલ છે! જીતુ ભૈયાના પાત્રએ મને દેશભરના સ્ટુડન્ટ્સનો એટલો બધો પ્રેમ આપ્યો કે લોકો સાચે જ મને પોતાનો મોટો ભાઈ માનીને સલાહ લેવા આવી જાય છે. જ્યારે અભિષેકનું કેરેક્ટર મારી પર્સનલ લાઈફના સ્ટ્રગલ જેવું છે, જે પોતાની કરિયર અને સિચ્યુએશનથી થોડો નારાજ છે પણ છતાં વિલેજ લાઈફમાં એડજસ્ટ થવાનો ટ્રાય કરે છે. બંને કેરેક્ટર્સે મારી આખી લાઈફ ચેન્જ કરી નાખી છે, એટલે બંને દિલના ધબકારા જેવા છે.

## સેટ પર શૂટિંગ દરમિયાન કોઈ એવી રમૂજી ઘટના બની હોય જે ફેન્સને ખબર ન હોય?

'પંચાયત'ના સેટ પર રોજ કોમેડી થતી હોય છે. એકવાર એવું બન્યું કે અમારે પંચાયત ઓફિસની બહાર એક ગંભીર સીન શૂટ કરવાનો હતો અને હું ડાયલોગ્સ બોલી રહ્યો હતો. બરાબર એ જ સમયે ગામની એક અસલી બકરી આવીને મારી સ્ક્રિપ્ટ ચાવવા લાગી! બધા હસવા લાગ્યા અને ડિરેક્ટરે કહ્યું, સચિવજી, હવે આ બકરીને પણ પંચાયતમાં નોકરી આપવી પડશે. આવા અણધાર્યા કિસ્સાઓ ગામડામાં શૂટિંગ કરવાનો આનંદ વધારી દે છે.

## જો તને ક્યારેય કોઈ હોલિવૂડ ફિલ્મની ઓફર મળે તો?

કેમ નહીં! જો તક મળે તો હું ચોક્કસ કંઈક અલગ કરવા માંગીશ, પણ મને 'જેમ્સ બોન્ડ' જેવા લાર્જર-ધેન-લાઈફ રોલ કરતાં 'શેરલોક હોમ્સ' જેવો કોઈ મગજ ચલાવનારો, થોડો સસ્પેન્સ અને ડાર્ક હ્યુમરવાળો રોલ વધુ ગમશે. રહી વાત એક્શનની, તો દેશી એક્શન તો આપણે 'મિર્ઝાપુરઃ ધ મૂવી' માં બતાવી જ રહ્યા છીએ, એટલે ફેન્સને હવે મારો એ નવો અવતાર પણ જોવા મળી જ જશે!

## તમારા કરોડો ફેન્સને કોઈ ખાસ મેસેજ આપવો હોય તો?

હું બસ એટલું જ કહીશ કે લાઈફમાં હંમેશાં ઓરિજિનલ રહો, ક્યારેય શોર્ટકટ્સ પાછળ ન ભાગો. ફેમ કે સક્સેસનો આંધળો પીછો કરવાની જરૂર નથી. તમારા કામને ૧૦૦% ઈમાનદારીથી આપો, સક્સેસ તમને આપોઆપ શોધી લેશે. ●

---

# માઈન્ડ ગેમ્સનો માસ્ટરક્લાસ, બિંદિયા કે બાહુબલી -2

ફ્રી વોચ

જો તમને એમ હોય કે તમારા ઘરમાં કાકા-બાપા કે દેરાણી-જેઠાણી વચ્ચે જ સૌથી વધુ રાજકારણ કે 'બિગ બોસ' ચાલે છે, તો ભાઈઓ અને બહેનો, તમારી ગેરસમજ દૂર કરવા માટે તમારે 'બિંદિયા કે બહુબલી S2' જોવી જ રહી. આ સિરીઝ જોયા પછી તમારા ઘરનો કલેશ તો તમને સાવ ચિલ્લર અને માસૂમ લાગશે! આ એક એવા પરિવારની સ્ટોરી છે, જ્યાં પ્રેમ, લાગણી કે વફાદારી જેવા શબ્દો ડિક્શનરીમાં છે જ નહીં. અહીં તો બસ પાવર, પોલિટિક્સ અને નેક્સ્ટ લેવલનું 'બેકસ્ટેબિંગ' જ ચાલે છે. સંબંધોમાં એટલા બધા 'રેડ ફ્લેગ્સ' છે કે તમે ગણતા ગણતા થાકી જશો. કોણ કોની ગેમ બજાવી જશે અને કોણ ક્યારે સત્તા પલટી નાખશે, એનો કોઈ આઈડિયા જ નહીં આવે!

સીઝન-1ના સસ્પેન્સફુલ એન્ડિંગ પછી, સીઝન-2 સ્ટાર્ટ થતાં જ સીધી એક્શન મોડમાં આવી જાય છે. ફર્સ્ટ એપિસોડથી જ સ્ટોરી ફિફ્થ ગિયરમાં ભાગે છે. જૂની સીઝનના કેટલાક ડાઉટ્સ ક્લિયર થાય છે, પણ મેકર્સ એટલા સ્માર્ટ છે કે એક સવાલનો જવાબ આપે ત્યાં સામે બીજા ત્રણ નવા સિક્રેટ્સનો બૉમ્બ ફોડી દે છે.

પરિવારની અંદર જ સત્તા માટેની જે ખેંચતાણ ચાલે છે, ગેંગસ્ટર પોલિટિક્સના જે સમીકરણો રચાય છે અને એ બધામાં જે ડાર્ક હ્યુમરનો તડકો માર્યો છે ને... ભાઈસાબ, એકદમ 'લિટ' છે! આ સિરીઝનું વાઈબ એકદમ ક્રેઝી છે. સિરિયસ અને અત્યંત ટેન્શનવાળા સીનમાં પણ કોઈ કેરેક્ટર એવો ડાયલોગ મારી દેશે કે તમે હસી હસીને પેટ દુઃખવા આવશે. ડાર્ક કોમેડીને ઈન્ડિયન ઓડિયન્સ માટે કઈ રીતે પીરસવી, તે આ સિરીઝ પાસેથી શીખવા જેવું છે.

આ કોઈ ટિપિકલ 'માર-ધાડ' અને ગાળાગાળીવાળો શો બિલકુલ નથી. 'મિર્ઝાપુર' કે 'ગેંગ્સ ઓફ વાસેપુર'ની જેમ અહીં માત્ર ગોળીઓ નથી ચાલતી, અહીં તો દિમાગ ચાલે છે. આ સિરીઝના બધા જ કેરેક્ટર્સ પોતાને 'આલ્ફા' કે 'સિગ્મા' સમજે છે, પણ પ્લાનિંગ એવા ઊંધા મારે છે કે પોતે જ પોતાની જાળમાં ફસાઈને 'પોપટ' થઈ જાય છે.



સત્તાનો નશો એવો છે કે ભાઈ-ભાઈનો સગો નથી અને પતિ-પત્ની એકબીજાથી સત્યો છુપાવી રહ્યા છે. દર 15 મિનિટે સ્ટોરીમાં એવો ટ્વિસ્ટ આવે કે તમારા મગજના તાર હલી જાય. એક એપિસોડ પૂરો થાય એટલે 'હવે આગળ શું થશે?' એ વિચારીને તમે નેક્સ્ટ એપિસોડ પ્લે કર્યા વગર રહી જ નહીં શકો. સિરીઝમાં ફુલ ઓન કેયોસ છે અને આ જ અરાજકતા ઓડિયન્સને જકડી રાખે છે.

કાસ્ટિંગ ડિરેક્ટરને આ સિરીઝ માટે જેટલા ઈનામ આપીએ એટલા ઓછા છે! આખી કાસ્ટે લિટરલી સ્ક્રીન પર આગ લગાવી દીધી છે. દરેક પાત્રને એટલી બારીકાઈથી લખવામાં આવ્યું છે કે કોઈ પણ કેરેક્ટર નકામું નથી લાગતું.

સૌરભ શુક્લાઃ પોતાની આગવી અને ક્લાસિક સ્ટાઈલમાં સૌરભ શુક્લા એકદમ અસલી ગેંગસ્ટર સ્વેગમાં જોવા મળે છે. તેમના ચહેરાના હાવભાવ અને ડાયલોગ ડિલિવરી એટલી સહજ છે કે જાણે આ પાત્ર તેમના માટે જ લખાયું હોય.

રણવીર શૌરીઃ આખી સિરીઝમાં જો કોઈ પાત્ર સૌથી વધુ અનપ્રેડિક્ટેબલ હોય, તો તે રણવીર શૌરીનું છે. તેમનું પાત્ર દર સીનમાં સરપ્રાઈઝ આપે છે. ક્યારે તે શાંત થઈ જાય અને ક્યારે વિસ્ફોટ કરે, તે કહી શકાય નહીં.

સીમા બિસ્વાસ અને શીબા ચઢ્ઢાઃ આ બંને પીઢ અભિનેત્રીઓએ સાબિત કરી દીધું છે કે પાવરફુલ સ્ક્રીન પ્રેઝન્સ માટે માત્ર ડાયલોગ્સ જ પૂરતા નથી હોતા. તેમના સાયલન્ટ લુક્સ અને આંખોથી જે એક્ટિંગ થઈ છે, તે ખરેખર કમાલ છે. ફેમિલી પોલિટિક્સમાં તેમનો રોલ માસ્ટરમાઈન્ડ જેવો છે.

અહીં નોંધવા જેવી વાત એ છે કે સિરીઝમાં કોઈ એક મેઈન કેરેક્ટર કે પારંપરિક 'હીરો' નથી. બધા જ ગ્રે-શેડ્સ ધરાવે છે અને બધા જ પોતપોતાની રીતે આખી સ્ટોરી પલટાવવાની તાકાત રાખે છે.

મેકર્સનું ડિરેક્શન એકદમ સ્મૂધ અને પકડદાર છે. ડાર્ક કોમેડી, ક્રાઈમ અને થ્રિલરનું મિક્સચર જબરદસ્ત રીતે કરવામાં આવ્યું છે.

કોઈપણ થ્રિલર માટે BGM તેનો જીવ હોય છે. અહીં પણ મ્યુઝિક એટલું પર્ફેક્ટ છે કે તે ટેન્શન અને કોમેડી, બંને સિચ્યુએશનને એલિવેટ કરે છે.

નાના શહેરની દેશી વાઈબ, ધૂળવાળા રસ્તાઓ, અને જૂની હવેલીઓનું કેમેરા વર્ક તમને એવું જ ફીલ કરાવશે કે તમે પણ આ ક્રેઝી અને ટોક્સિક ફેમિલીના ડ્રોઈંગ રૂમમાં

> **આ સિરીઝના બધા જ કેરેક્ટર્સ પોતાને 'આલ્ફા' કે 'સિગ્મા' સમજે છે, પણ પ્લાનિંગ એવા ઊંધા મારે છે કે પોતે જ પોતાની જાળમાં ફસાઈને 'પોપટ' થઈ જાય છે**

બેસીને જ આ બધો તમાશો જોઈ રહ્યા છો.

જોકે, દુનિયામાં કંઈ પણ 100% પરફેક્ટ નથી હોતું. સિરીઝમાં કેટલીક નાની ખામીઓ ચોક્કસ છે.

વચ્ચેના બે-ત્રણ એપિસોડમાં સ્ટોરી થોડી સ્લો અને ખેંચાઈ હોય તેવી લાગે છે. જો તમે ઘણા બધા ક્રાઈમ-થ્રિલર જોયા હશે, તો અમુક પ્લોટ ટ્વિસ્ટ તમે પહેલેથી જ અંદાજ આવી જશે.

અમુક પાવરફુલ સપોર્ટિંગ કેરેક્ટર્સને જો થોડો વધારે સ્ક્રીન ટાઈમ આપ્યો હોત તો સ્ટોરીની ડેપ્થ અને ઈમ્પેક્ટ હજુ વધુ મજબૂત બની શકત, પણ ઓવરઓલ સ્ટોરીના પ્રવાહમાં આ નાની વાતોને આરામથી સ્કીપ મારી શકાય છે.

ટૂંકમાં, જો તમારો મૂડ કંઈક હટકે, મસાલેદાર અને સતત ટ્વિસ્ટથી ભરેલી, દિમાગ દોડાવતી વેબ સિરીઝ જોવાનો હોય, તો હાથમાં પોપકોર્ન કે ચિપ્સનું મોટું પેકેટ લઈને બેસી જ જાવ! 'બિંદિયા કે બહુબલી S2' તમારો વીકેન્ડ સુધારી દેશે એની ગેરંટી!

IMDb રેટિંગ : 6.7/10 ●

---

# રાતોની ઉંઘ ઉડાડી દેશે - ધ ઈસ્ટ પેલેસ!

K-Drama ફેન્સ, ગેટ રેડી! નેટફ્લિક્સ આપણી રાતોની ઊંઘ ઉડાડવા માટે એકદમ નેક્સ્ટ લેવલનો માસ્ટરપીસ લઈને આવી રહી છે. જો તમને પણ રાત્રે લાઈટો બંધ કરીને, અંધારામાં કાનમાં ઈયરફોન ભરાવીને થ્રિલર અને હોરર શો જોવાનો ક્રેઝ હોય, તો તમારા વોચલિસ્ટમાં અત્યારથી જ એક નવું નામ એડ કરી લો 'ધ ઈસ્ટ પેલેસ'. આ કોઈ સાદો-સીધો શો નથી,



આમાં છે રાજમહેલના કાળા ડિબાંગ રહસ્યો, આત્માઓનો ડરામણો આતંક, અલ્ટીમેટ સુપરનેચરલ પાવર્સ અને એક એવી સ્ટારકાસ્ટ જે સ્ક્રીન પર આગ લગાડી દેશે.

ચાલો, આ ધમાકેદાર કોરિયન હોરર-ફેન્ટસી સિરીઝ આ વખતે આપણને કઈ સફર પર લઈ જવાની છે!

17 જુલાઈ 2026ના દિવસે નેટફ્લિક્સ પર 'ધ ઈસ્ટ પેલેસ' ગ્લોબલી રિલીઝ થવા જઈ રહી છે. જો તમને એવું ટેન્શન હોય કે ભાષા નડશે, તો ચિંતા બિલકુલ ન કરો. આખા વર્લ્ડના ઓડિયન્સને ટાર્ગેટ કરવા માટે તૈયારી કરી છે. આ સિરીઝ ઓરિજિનલ કોરિયન ભાષામાં તો રિલીઝ થશે જ, પણ સાથે-સાથે ઈંગ્લિશ, હિન્દી, તમિલ અને તેલુગુ જેવી ઘણી બધી લોકલ ભાષાઓમાં ડબિંગ અને સબટાઈટલ્સ સાથે પણ જોવા મળશે. એટલે કે હવે લેંગ્વેજના કોઈ બેરિયર વગર, તમે તમારા કમ્ફર્ટ ઝોનમાં રહીને આ રોમાંચક સફર માણી શકશો.

અપકમિંગ

વેલ, હવે વાત કરીએ સ્ટોરીની, જે સાંભળીને જ તમારા રૂવાડા ઊભા થઈ જશે. સ્ટોરી સેટ છે એક ભવ્ય, ઐતિહાસિક કોરિયન રાજમહેલમાં. પણ આ મહેલ માત્ર રાજા-રાણીના રોમાન્સ કે વૈભવ માટે નથી જાણીતો. અહીં રમાય છે મોતની ક્રૂર રમત!

> **મહેલ પર વર્ષો જૂનો એક એવો ભયાનક શ્રાપ મંડરાઈ રહ્યો છે કે રાજાના એક પછી એક તમામ રાજકુમારો રહસ્યમય સંજોગોમાં મોતને ભેટે છે**

મહેલ પર વર્ષો જૂનો એક એવો ભયાનક શ્રાપ મંડરાઈ રહ્યો છે કે રાજાના એક પછી એક તમામ રાજકુમારો રહસ્યમય સંજોગોમાં મોતને ભેટે છે. આખો રાજપરિવાર અને સામ્રાજ્ય તબાહ થવાના આરે આવીને ઊભું રહી ગયું છે.

જ્યારે વિજ્ઞાન અને શાહી હથિયારો આ અદ્રશ્ય મુસીબત સામે હારી જાય છે, ત્યારે રાજા એક ગુપ્ત નિર્ણય લે છે. તે મહેલની રક્ષા કરવા અને આ કાળા જાદુ તેમજ શ્રાપનો ખાતમો કરવા માટે દુનિયાથી છુપાવીને બે અસાધારણ વ્યક્તિઓને બોલાવે છે.

'ચિઓન' એ એક એવો રહસ્યમય યોદ્ધા છે જે આપણી જીવતી દુનિયા અને મૃત આત્માઓની દુનિયા વચ્ચે મુક્તપણે અવરજવર કરી શકે છે. તેની પાસે છે એક શક્તિશાળી જાદુઈ તલવાર, જે પલક વારમાં ગમે તેવા ખતરનાક દુષ્ટ આત્માઓને ભસ્મીભૂત કરી શકે છે.

'સૈંગ-ગાંગ' બાળપણથી જ એક અજીબોગરીબ શક્તિ મળેલી છે, જેનાથી તે રખડતા, ભટકતા અને પીડાતા મૃત આત્માઓના અવાજો સાંભળી શકે છે અને તેમની સાથે વાતચીત કરી શકે છે.

જ્યારે આ બંને ભેગા થાય છે, ત્યારે મહેલના અંધારકોટડીમાં છુપાયેલા એવા રાઝ બહાર આવે છે જે આખા સામ્રાજ્યના ઈતિહાસને હચમચાવી મૂકે છે. જેમ જેમ તપાસ આગળ વધે છે, તેમ તેમ ખબર પડે છે કે આ શ્રાપ પાછળ ભૂતકાળમાં કરાયેલું કોઈ મોટું પાપ છે. શું આ બંને જીવના જોખમે મહેલને બચાવી શકશે? એ તો સિરીઝ જોયા પછી જ ખબર પડશે!

'ધ ઈસ્ટ પેલેસ' ની કાસ્ટની વાત કરીએ તો 'નામ જૂ-હ્યુક' જે કે-ડ્રામાના કિંગ અને લાખો દિલોની ધડકન નામ જૂ-હ્યુક પોતાની મિલિટરી સર્વિસ પૂરી કર્યા પછી આ સિરીઝ દ્વારા જોરદાર કમબેક કરી રહ્યા છે. ધ ઈસ્ટ પેલેસ સિરીઝમાં રફ એન્ડ ટફ, એક્શનથી ભરપૂર અવતાર અને સોલિડ સોર્ડ-ફાઈટીંગ સીન્સ ઓડિયન્સ માટે એક મોટી વિઝ્યુઅલ ટ્રીટ સાબિત થશે.

આ સિરીઝનું ડિરેક્શન ચોઈ જુંગ-ક્યૂએ કર્યું છે, જેમણે આ પહેલા અત્યંત લોકપ્રિય અને એવોર્ડ વિનિંગ શો 'ધ ડેવિલ જજ' આપીને આખી દુનિયાને ચોંકાવી દીધી હતી. બીજી બાજુ, આની અદ્ભુત સ્ટોરી અને સ્ક્રીનપ્લે લખ્યા છે ક્વોન સો-રા અને સીઓ જે-વોનની જોડીએ. જો તમે 'બુલ્ગાસાલઃ ઈમોર્ટલ સોલ્સ' અને 'ધ ગેસ્ટ' જેવા શ્વાસ થંભાવી દેનારા કલ્ટ શો જોયા હોય, તો તમને ખબર જ હશે કે આ બંને રાઈટર્સ ઓડિયન્સને ડરાવવામાં અને થ્રિલ આપવામાં કેટલા માસ્ટર છે. આ ત્રિપુટી ભેગી થઈ છે એટલે કન્ફર્મ સમજો કે આપણને મગજ બહેરું કરી નાખે તેવા ટ્વિસ્ટ એન્ડ ટર્ન્સ જોવા મળવાના છે. નેટફ્લિક્સે તાજેતરમાં જે ટીઝર અને ટ્રેલર રીલીઝ કર્યા છે, તે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યા છે. પરંપરાગત કોરિયન કોસ્ચ્યુમ્સ અને કંપારી છૂટી જાય તેવા ભયાનક આત્માઓના CGI વિઝ્યુઅલ્સ એકદમ ઈન્ટરનેશનલ લેવલના છે. જૂની સંસ્કૃતિ, લોકકથાઓ અને મોર્ડન ટેકનોલોજીનું આ મિશ્રણ એટલું પરફેક્ટ છે કે તમે સ્ક્રીન પરથી નજર હટાવી નહીં શકો. બેકગ્રાઉન્ડ મ્યુઝિક પણ એટલું હોન્ટિંગ છે કે તમારી સીટની ધાર પર આવી જવા મજબૂર કરી દેશે.

ઘણા લોકો આના રેટિંગ્સ શોધી રહ્યા છે, પણ તમને જણાવી દઈએ કે સિરીઝ હજુ રીલીઝ થઈ નથી, તેથી હાલમાં કોઈ ઓફિશિયલ રેટિંગ કે સ્કોર ઓનલાઈન ઉપલબ્ધ નથી, પણ જે રીતે સોશિયલ મીડિયા અને કે-ડ્રામા કોમ્યુનિટીમાં આનો ક્રેઝ જોવા મળી રહ્યો છે, તે જોતા લાગે છે કે રીલીઝ થતાની સાથે જ આ શો ટ્રેન્ડિંગ લિસ્ટમાં સીધો ટોપ-5માં સ્થાન મેળવી લેશે. ●